અપીલ અરજી નં.૨૨૬ તા.૬–૧૧–૦૮/૦૯

અરજદાર: શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા: કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમ:–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૫–૯–૦૮ ની અરજીથી મ્યુ.કમિશ્નરશ્રી રાવ સાહેબ વખતે ઉધના મેઈન રોડ પરની મિલ્કતો કોર્પોરેશન હસ્તક કરેલ મિલ્કતો ની મુદ્દા નં.૧ થી ૩ નીમાહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૬/૨૦૦૮–૦૯

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૫–૯–૦૮ ની અરજીથી મ્યુ.કમિશ્નરશ્રી રાવ સાહેબ વખતે ઉધના મેઈન રોડ પરની મિલ્કતો કોર્પોરેશન હસ્તક કરેલ મિલ્કતો ની મુદ્દા નં.૧ થી ૩ નીમાહિતી આપવા બાબતે કોઈ પ્રતિભાવ ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૬૫ તા.૧૪–૧૧–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને માહિતી મળેલ નથી. માહિતના ઈન્કાર સબબની કોઈ વિગતો અરજદારને જણાવેલ હોઈ તેવી રજુ કરેલ નથી.

અરજદારે તા.૨૫–૯–૦૮ ના રોજ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને આરટીઆઈ એકટ હેઠળ સીધી અરજી કરેલ છે. જેમાં (૧) અરજદારે મ્યુ.કમિશ્નરશ્રી એસ આર. રાવના સમયગાળામાં ઉધના મેઈન રોડ ઉપર ડીમોલેશન કરવામાં આવ્યું હતું તે સમયે કેટલી મિલ્કતોને કોર્પોરેશને સીલ કરી પોતાના હસ્તક કરી હતી તેવા મિલ્કતદારોના નામ સરનામા અને કઈ તારીખે સીલ કરી તેની વિગતો (૨) કોર્પોરેશને સીલ કરી પોનાતા હસ્તક કરેલી મિલ્કતોની અત્યારે કઈ કન્ડીશનમાં છે? આ મિલ્કતો પૈકી કોઈ મિલ્કત કોર્પોરેશનની મંજુરી વિના બારોબાર સીલ તોડીને તેના પર કબ્જો જમાવ્યો હોય અથવા તેના ઉપર નવું બાંધકામ કર્યુ હોય તેવી મિલ્કતો કેટલી? તેના નામ સરનામા તથા અત્યારના કબ્જાદારોના નામ સહિતની વિગત (૩)તેવી મિલ્કતોની કોઈ ફરીયાદ આપના વિભાગમાં આવેલ છે કે કેમ? જો આવી હોય તો તેની નકલો સહિતની વિગતો આપશો તથા તેની સામે આપના વિભાગે શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતની માંગણી કરેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૫–૯–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ ન હોઈ નહીં પૂરી પડાયેલ માહિતી અરજદારને આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર જરૂર જણાય તો કલમ–૧૧ ને અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૨ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,